ક્રમાંકઃ- દગજ/૨૦૧૮/૭૭૯/ખ.૧
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૭/૧૨/૨૦૧૮

પ્રતિ,
કુલસચિવશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
યુનિવર્સિટી કેમ્પસ,ઉધના-મગદલ્લારોડ,
સુરત- ૩૯૫૦૦૭.

વિષયઃ- પ્રમુખશ્રી, વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત, વિદ્યાદીપ હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, મુ. પો. અણીતા, તા. ઓલપાડ, જિ. સુરતને બેચલર ઓફ હોમિયોપેથી(BHMS)ના સ્વનિર્ભર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવા બાબત.

શ્રીમાન,

ઉક્ત વિષય પરત્વેના આપના તા.૨૬/૧૧/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ એસ-એ(અણિતા)(હોમિયો)(૧૮)/૨૧૦૦૫ના અનુસંધાને વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત, વિદ્યાદીપ હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, મુ.પો. અણીતા, તા. ઓલપાડ, જિ. સુરતને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે બેચલર ઓફ હોમિયોપેથી(BHMS)ના સ્વનિર્ભર અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯થી શરૂ કરવા માટે નીચેની શરતોએ આથી સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવામાં આવે છે.

(૧) સંસ્થાએ રજુ કરેલ સોગંદનામામાં સંસ્થા દ્વારા કબુલાત કર્યા મુજબ કાયમી ધોરણે સંસ્થાને કોઇ ગ્રાંટ મળશે નહી હાલ તથા ભવિષ્યમાં સંસ્થાએ કોલેજ સંપૂર્ણપણે સ્વખર્ચે ચલાવવાની રહેશે, તથા સંસ્થા દ્વારા ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં પણ કોઇ માંગણી કરવામાં આવશે નહી.

(૨) સંસ્થા/કોલેજે યુનિવર્સિટી તેમજ રાજ્ય સરકાર વખતો વખત નકકી કરે તે નિયમો/શરતોનું યથાયોગ્ય પાલન કરવાનું રહેશે.

(3) યુનિવર્સિટી તરફથી શરતોના પરિપાલનનો અહેવાલ મળ્યા બાદ જ જોડાણ આપવા અંગે વિચારણા કરવામાં આવશે. કોઇ શરતી જોડાણ મંજુર કરવામાં આવશે નહીં.

(૪) આ અભ્યાસક્રમો અંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પરામર્શમાં ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે યુનિવર્સિટી જે પધ્ધતિ નકકી કરે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) સદરહુ અભ્યાસક્રમ શરૂ થયા બાદ કોઇ કારણસર બંધ થાય તો સ્ટાફની તથા અન્ય કોઇપણ નાણાંકીય જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવશે નહી, પરંતુ તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

(૬) સંસ્થાએ મુકેલ રૂ. ૬,૦૦,૦૦૦ (અંકે રૂપિયા છ લાખ પુરા)ની ફીક્સ્ડ ડીપોઝીટ વખતો વખત પાકતી તારીખે વ્યાજ સહિત ફરીથી ૬(છ) વર્ષ મટે તે જ સ્વરૂપે તાજી (રીન્યુ) કરાવવાની રહેશે.

(૭) આ અભ્યાસક્રમ અંગે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર કે અન્ય સંસ્થાઓની મંજુરી લેવાની જરૂર હોય તો તે તમામ મંજુરી સંસ્થાએ મેળવી લેવાની રહેશે.

(૮) નિયત કરેલ લઘુત્તમ દિવસોનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ થઇ શકશે કે કેમ? તેની ખાતરી કર્યા બાદ જે તે શૈક્ષણિક વર્ષ માટે વિધાર્થીઓ ફાળવવાના રહેશે.

(૯) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા.૨૬/૧૧/૨૦૧૮ના પત્રથી મોકલેલ સિન્ડીકેટે મુકેલ શરતોનું સંસ્થાએ પરિપાલન કરવાનું રહેશે અને તેની ચકાસણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે કરી લેવાની શરતે સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવામાં આવે છે.

(૧૦) સદરહુ કોલેજ વિદ્યાર્થીઓની પૂરતી સલામતીના હેતુ માટે પૂર્ણ ભૌતિક સુવિધાઓ ધરાવે છે તે અંગેની સંપૂર્ણ ચકાસણી યુનિવર્સિટીએ કરી લેવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

( ડૉ. જે.એચ.બેલાણી )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(હોમિયોપેથીક પ્રભાગ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રમુખશ્રી, વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત, વિદ્યાદીપ હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, મુ.પો. અણીતા, તા. ઓલપાડ, જિ. સુરત (રજી.પો.એ ડી.દ્વારા)
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ
- પસંદગી ફાઇલ.